સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

થઇ જાય છે ફરાર કેદી, મળે છે ક્યાં?
લૂંટી ને લઇ જાય છે લાખોમાં, મળે છે ક્યાં?
મળે છે ક્યાં! સહકારી ગુન્હાના કલાકારો -
ને ગૂમ થતાં રહે છે બાળકો, મળે છે ક્યાં?

હાઈકુ

ઘર અખાડે
લડે છે મલ્લ કુસ્તી -
આત્મબળ'થી..
(મીટીંગ પહેલવાન, બાપા)

પ્હેલાં દઝાડે
ને પછી પાટાપીંડી -
પેટ્રોલ ભાવ
(નામની રાહત)

ચિંતન

વનેઅપિ સિંહાઃ મૃગ માંસ ભક્ષિણઃ બુભુક્ષિતાઃ ન એવ તૃણં ચરન્તિ ।
એવં કુલીનઃ વ્યસનાભિભૂતાઃ ન નીચ કર્માણિ સમાચરન્તિ ॥

'પશુઓનું માસ જ ખાનાર સિંહ જંગલમાં (ઘાસના જંગલ વચ્ચે) રહેતો હોવા છતાં, પોતાની ભૂખ ભાંગવાને માટે ઘાસ કદાપિ ખાતો નથી, એવી જ રીતે સજ્જન અને ઊંચા કુળના માણસો પણ- દુઃખ-સંકટ કે આપત્તિમાં - અપમાનિત થતા હોવા છતાં. નિંદ્ય-પોતાની જાત ને છાજે એવું હલકું કોઇ પણ કામ કરતાં નથી.'

સજ્જન - કુલીન માણસને ગમે તેવી ખરાબ પરિસ્થિતિ આવી પડે, મુશ્કેલીમાં મૂકાઇ જાય, તેમ છતાં તે પોતાના કુળ સંસ્કાર અને સદ્-સ્વભાવને નો જાતિ સ્વભાવ ક્યારે ય છોડતો નથી. ભૂલી શકતો નથી, એની ખાસિયતો-ટેવ-જાતિ સંસ્કાર બધી જ ખરાબ પરિસ્થિતિમાં પણ ઝળકી ઊઠ્યા વિના રહેતો નથી.

જન્મજાત ટેવ અને સંસ્કાર કદી ભૂલાતા કે છોડી શકાતા નથી પછી ભલે ને સારા હોય કે ખરાબ.

બિલાડી ને એક વાટકામાં દૂધપાક આપ્યો હોય અને એની સુગંધથી જ તે પીવા જતી હોય ત્યાંથી ઉંદર પસાર થાય તો ખીર છોડીને પ્રથમ એ ઉંદરને જ પકડવા દોડશે. એવી જ રીતે પાણીમાં એક પગે ઊભેલો બગલો પણ 'માછલી' ને એ પ્રથમ પસંદગી આપશે.

લોભી-કપટી-સ્વાર્થી માણસ મૈત્રીમાં દગો રમે છે, વિશ્વાસઘાત કરે છે, પણ સજ્જન કુલીન કોઇનો વિશ્વાસઘાત કરે નહિ, ખરાબ પરિસ્થિતિ સહન કરીને પણ સંબંધો સાચવી રાખે છે.

સુવિચાર

- અભ્યાસ તીવ્ર હોય તો ત્વરિત અને મધ્યમ હોય તો મોડેથી પણ ફળ પ્રાપ્તિ તો થાય જ છે - **વિવેકાનંદ**
- સાચી સફળતા અને સાત્ત્વિક સુખ એને જ મળે છે જે, ફળની અપેક્ષા રાખ્યા વિના સેવા-સત્કાર્યો ચાલુ જ રાખે છે - **રવિશંકર મહારાજ**
- અનુચિત ફાયદો મેળવવાની અપેક્ષા અને પ્રયત્નોથી નૂકશાન જ થાય છે- **ડેમોક્રિટસ**
- આ લોકમાં ખોટો ફાયદો ઉઠાવવાથી પરલોકમાં મોટું નૂકશાન ભોગવવું પડે છે - **રજલ આચાઝ**
- આધ્યાત્મિક ફિલસૂફીને બે જ શબ્દમાં કહેવી હોય તો 'પરિશ્રમ' અને 'સંયમ' શબ્દ પૂરતો છે - **એપિક્ટેટસ**
- તમારે તમારી દિનચર્યા એવી બનાવવી જોઇએ કે એક ક્ષણ પણ એળે ન જાય- **ગાંધીજી**
- થોડી સામાન્ય સમજ, બિનસ્વાર્થીપણું અને શુભેચ્છાથી પૃથ્વી પર સ્વર્ગ ખડું કરી શકાય - **એમિંગ્સન**

બોધ કથા

આજે તો શાળાઓમાં 'ભાર વગર' નાં શિક્ષણ છતાં પ્રવાસ, પ્રોજેક્ટ્સ અને ઉજવણીઓનો ખર્ચ પણ ખૂબ વસૂલ થાય છે. ખાનગી શાળાઓ તો વિદ્યાર્થી-વાલીને ખંખેરવામાં કંઇ જ બાકી રાખતી નથી. વાલી મિટીંગ - પરીક્ષા પછી પેપર બતાવવાં વગેરે આડકતરૂં 'ટ્યુશન'નું આયોજન જ હોય છે.

ભાવનગરના આદર્શ શિક્ષક ગિજુભાઇ બધેકા 'મૂછાળી મા' તરીકે વિદ્યાર્થીઓ પર વાત્સલ્ય વરસાવતા. શિક્ષક તો પ્રેમ અને કરૂણાથી છલકતો જ હોવો જોઇએ.

ગિજુભાઇ એક વર્ગમાં ભણાવતા હતા. પોતે વાંચી વાંચી એક લીટી સમજાવતાં હતા ત્યાં તેમનું ધ્યાન એક વિદ્યાર્થી પર ગયું જે બીજાના પુસ્તકમાં નજર રાખી વાંચવા પ્રયત્ન કરતો હતો.

ગિજુભાઇને આ ન ગમ્યું, વચ્ચેથી ઉઠ્યા અને એ વિદ્યાર્થી પાસે ગયા. ગુસ્સામાં ઉપરા છાપરી કેટલાક પ્રશ્નો પૂછ્યા. કેમ તું પાઠ્યપુસ્તક નથી લાવ્યો? નથી ખરીદ્યું? શાળાનું વર્ષ શરૂ થયે બે માસ પસાર થઇ ગ્યા હજી તારી પાસે પુસ્તક નથી?

પ્રશ્નોની ઝડી પછી પેલો વિદ્યાર્થી મૌન હતો. એની આંખના ખૂણાની ભિનાશનો જવાબ વાંચી પાછા ભણાવવા લાગ્યા..

બીજે દિવસે નવું પુસ્તક વિદ્યાર્થીને આપ્યું.

સાહેબ, તમે શા માટે લાવ્યા! આવતી પહેલી તારીખે મારા વાલી લાવવાનાં જ હતા...

ગિજુભાઇએ જવાબ દીધો. બેટા, હું તારો માત્ર શિક્ષક નથી. વાલી પણ છું.. આજ સુધી હું માત્ર શિક્ષક છું ના ભ્રમમાં હતો.

શનિવારના બપોરનાં સમયે મીઠ્ઠુડો ભગવાનને પ્યારો થઇ ગયો અને મારી આંખમાંથી આંસુ ટપકી પડ્યા, ફળીયાના બાળકો સઘળા પણ રડી પડ્યા

શ્રધ્ધાજંલિ

શ્રી વિનોદચંદ્ર નટવરલાલ શાહ, કે જેઓ ગાંધીનગર સાહિત્ય સભાના એક સક્રિય કારોબારી સભ્ય હતા અને સાહિત્ય સભાની દરેક માસિક બેઠકમાં હાજરી આપી, તેઓની સાહિત્યકૃતિઓ રજૂ કરતા હતા. જેઓએ છેલ્લે રજૂ કરેલ ગીત ''વાલમની વાટડી'' છેલ્લી કૃતિ બની રહી અને તેઓએ પણ તા. ૨૧-૬-૨૦૧૨ ના રોજ, અનંતની છેલ્લી વાટડી પકડી અને પંચમહાભૂતમાં ભળી ગયા. તેઓશ્રીની શોકસભામાં સાહિત્ય સભાના પ્રમુખ હેડાઉ ''વન વિહારી'' અને સભ્યોએ હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યાં હતા.

એક ઉગતા કવિના થયેલ દુઃખદ નિધન બદલ, ગાંધીનગર સાહિત્ય સભા ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવે છે. સદ્ગતના આત્માને જગતનિયંતા પરમ શાંતિ અર્પે.

"કાવ્ય સેતુ" : બે કાવ્યો

વાલમની વાટડી

પૈશાખી વાયરે જોતી રહી મારા રસિયા વાલમ કેરી વાટડી
જોતી રહી વાટડીને આસુંડા સારતી, વીત્તે નહિ મારી રાતડી.
ઘોર ગરમીમાં કોયલની કૂક જાણે, પિયુ આવ્યોનો અણસાર.
વડલાની છાયે બેસી સ્મરણો વાગોળતી, કાયા બની છે પાતળી.
દિવસો લાગેં જાણે મહિના જેવા ને માસ વરસ જેવા લાગે
ક્યારે પ્રિતમ પરદેશથી પધારે, મેં તો માની રાખી છે આખડી
ભવોરે ભવના ભેરૂ બનીને, મેં તો પ્રિય કેરી ગાંઠડી બાંધી,
ઉષા કિરણને સંધ્યાની લાલી સુધી યાદોની બિછલી છે સાદડી
રોકી રોકીને હું રોકીય શું શકું. આંસુને યાદીની રફતાર,
જે દિ' મલશે મારો મનનો માણિગર, પેટ ભરીને કરશું વાતડી.
સોળે શણગાર સજી સેવ્યાતા સ્વપ્નાં તે દિ આયખું આનંદમાં જાશે,
સ્વપ્નાં ના સાકાર થયાં, નંદવાયા કોલને ભીતર ભરી ગઇ ઘાતડી.
ઢોલ ઢબૂકે ને શરણાઇ વાગે બેન્ડ વાજાની બારાત કોણ કાઢશે?
કાગળિયાં લખી હું તો ખારી રે ગઇ, વઢતી નથી શું તારી માવડી?
જનમોજનમની પ્રિત રે બંધાણી, કોને જઇ કહું મારી કહાણી,
કેવી રે પ્રિત તારી, કેવી રે રીત તારી! ફાટી ન જાતી તારી છાતડી.
સુણજે સમજજે છેલ્લો સંદેશ મારો, આંખો રડી રહી મારી.
સૂની રે પડી મારી આંગણવાડીને સૂની પડી હૈયાની હાટડી.

સ્વ. વિનોદ એન. શાહ, સેક્ટર-૧૨/બી ની છેલ્લી કૃતિ

ગીત

કદાચ મારા મનને એવું, હિંચકવાનું ગમશે!
ફરે છે ધરતી જેવી રીતે, ફરી જવાનું ગમશે!
એમ કરીને મનને પાછું,
ગમી જવાનું ગમશે!
મનને હિંચકવાનું ગમશે!
સમજે એવું શાણું છે ભઇ, સરળ વાતમાં ફળશે!
દીવો આપી નાનો એવો, શોધખોળમાં બળશે!
વઢશો તો યે પાછું નડશે,
વળિયા તેમાં પડશે!
મનને હિંચકવાનું ગમશે!
જ્યાં ઊભું છે ત્યાંથી જુઓ, પગલું અવળું પડશે.
અહંકારને સાથે લેંશે, જરા વાતમાં લડશે!
વિવેક વિનાનું મરશે,
અંતે કેવું એ ટળવળશે?
મનને હિંચકવનું ગમશે!

- ભરત પાઠક 'નયન'

વાર્તાસેતુ : મીઠ્ઠુડો

- ડો. રમેશભાઇ એસ. પટેલ 'ગીર'

વાંદરાનું ટોળું સેકટરમાં અવારનવાર આવતું, કો'ક દી' સવારે તો કો'ક દી સાંજે.

સમજ હોય કે સમાજ નેતા તો હોય જ. ટોળામાં પણ એક વૃધ્ધ નેતાજી હતા. તે સૌથી ઊંચા મકાનની પાણીની ટાંકીની પાઇપ ઉપર બેસી ચારે બાજુ નજર રાખે. નાના બચ્ચાં વાદરીના પેટે વળગી એક ધાબાથી બીજે ધાબે જતા. નળીયાવાળા મગનકાકાના શેડ ઉપર કુદે ત્યારે મગનકાકાના શ્વાસ અધ્ધર થઇ જતા.

લીલાબેનના ફળીયામાં સરસ મજાનું ચીકુનું ઝાડ હતું, તેના ઉપર બેસી આરામથી ચીકુ ખાતા પણ બીજા દિવસ માટે સાથે જ ન જ લઇ જતા, પડોશીઓને ચીકુના સ્વાદની ખબર નથી, લીલાબેનની લાકડીથી કોઇક વખત નાસી જતા, પરંતુ માન-અપમાન સમાન ગણી વળી પાછા આવતા. કોઇક વાર દાંતીયા કરી ડરાવે પણ ખરા, મારા ધાબાની છત ઉપરથી સીધા ગાડી ઉપર ગાડી ઉપર ઘોબાના નિશાન પણ વાંદરાઓની યાદ અપાવે છે.

લીમડો કડવો પણ આનંદથી ખાતા. સરગવાનાં પાન બનારસી પાનની માફક ચાવતા. કેરીના ગોટલા છત ઉપર લઇ જઇને આરોગતા, રસોડાનું બારણું ખુલ્લું હોય તો કેળા, કેરી કે ખાવા લાયક જે કંઇ પડ્યું હોય તે અમારી રજા લીધા વગર લઇને ધાબે ચઢી જતા.

લીમડાની છાયામાં વાનરો બેસતાં. એકબીજાની જુઓ વીણતા. નાના બચ્ચા પકડ દાંવ રમતા. કૂતરાઓ લડાઇ કરવા આવે તો પણ શાંતિથી બેસી રહેતા. કોઇક માથા ભારે વાનર કૂતરાઓને પણ ભગાડી દેતો. સામટા કૂતરા સંપ કરી બદલો લેવા આવે તો તેમના માન ખાતર ઝાડ ઉપર બધા વાનર ચઢી જતા.

એક દિવસ ટોળું આવ્યું અને લીમડો, ચીકુ વગેરે ખાધા પછી ક્યારે રવાના થઇ ગયું, તે ખબર ન પડી, સાંજનો સમય થવા આવ્યો હતો, હું ધાબા ઉપર ગયો તો ત્યાં એક અસ્વસ્થ, અજાણ્યા જેવો વાનર બેઠો હતો. મને એમ કે આ બીમાર હશે તો મેં તેને ખાવાનું આપ્યું, પાણી પણ પાયું. થોડુંક તેને સારૂં લાગ્યું હોય તેમ જણાયું. અમે એનું નામ ''મીઠ્ઠુડો'' રાખી દીધું. બીજા દિવસે સવારે છત ઉપર જોયું તો મીઠ્ઠુડો બેઠો હતો. સ્વજનો ચાલ્યા ગયા તેનો વિયોગ વદન ઉપર દેખાતો હતો. સવારના પણ મેં તેને રોટલી અને દૂધ આપ્યું.

વરસાદની ઠંડીના લીધે મીઠ્ઠુડો ધ્રૂજતો હતો. એટલે મેં તેને કપડાં પહેરવા માટે પ્રયત્ન કર્યો તો શરૂઆતમાં તો મીઠ્ઠુડો આનાકાની કરવા લાગ્યો પણ પછી માની ગયો. દરરોજ હું બે ટાઇમ તેને ખાવાનું આપતો.

બે ચાર દિવસ પછી મીઠ્ઠુડાના કપડા મેલા થયેલા જોઇ મેં તેને બીજા વાનર ટોળી આપી અને મીઠ્ઠુડાના આનંદનો પાર ન રહ્યો. ઘણા વરસે સ્વજનો મળે અને ભેટી પડે તેમ વારાફરતી બધા વાનર મીઠ્ઠુડાને ભેટ્યા, વાનરોનો પ્રેમ જોઇ આનંદ થયો. નિત્યક્રમ મુજબ ચીકુડી ઉપર, લીમડા ઉપર, બેસી જમ્યા પછી, વાનરો બધા બાવળીયાના વૃક્ષ ઉપર ગયા. મીઠ્ઠુડો પણ મને આવજો કહ્યા વગર ટોળામાં સામેલ થઇ ગયો. સ્વજનો મળવાના આનંદમાં વધારે કુદાકુદ કરતો હતો. મીઠ્ઠુડાની ટાઇ બાવળની વચ્ચે એવી ફસાઇ ગઇ કે નીકળે જ નહીં. મીઠ્ઠુડો જેમ પ્રયત્ન કરે તેમ ગળાના ટાઇનો ગાળીયો વધારે ફીટ થતો. મીઠ્ઠુડાએ જોરથી કુદકો માર્યો અને મીઠ્ઠુડાનાં હાથમાંથી ડાળી છૂટી ગઇ અને તે લટક્યો. ગળામાં દબાણથી શ્વાસ રૂંધાવા લાગ્યા. જેમ છૂટવા પ્રયત્ન કરે, કુદે તેમ વધારે ભીંસ પડે, અને આખરે તેના શ્વાસ બંધ થઇ ગયા. શનિવારના બપોરનાં સમયે મીઠ્ઠુડો ભગવાનને પ્યારો થઇ ગયો અને મારી આંખમાંથી આંસુ ટપકી પડ્યા. ફળીયાના બાળકો સઘળા પણ રડી પડ્યા. અકાળે અવસાન પામેલા મીઠ્ઠુડાના આત્માની શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરી.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

મહત્ત્વના થવું સારું નથી, સારા થવું એ મહત્ત્વનું છે

એક ઊક્તિ અપાવે મુક્તિ

સંકલન અને આલેખન : પી.એમ. પરમાર (દર્શન)

ધર્મ વગર મનુષ્ય જીવી શક્યો નથી, જીવી શકતો નથી અને જીવી શકશે નહીં, ધર્મ થકી માણસ સંસ્કારી બને છે; વિનય, વિવેક, નમ્રતા અને ક્ષમા જેવા સદ્ગુણો ધાર્મિક વાતાવરણથી પ્રેરણા મળતાં તે બીજાની સેવા કરી સુખ પ્રાપ્ત કરી શકે છે.

આપણા શાસ્ત્રોમાં આનાં અનેક ઉદાહરણો છે. પ્રહ્લાદ રાક્ષસ કુળમાં જન્મ્યો છતાં નરસિંહ ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરી શક્યો. વિભીષણનું ઉદાહરણ તો જગજાહેર છે. ધર્મથી જ ભક્તિનું પ્રાગટ્ય થાય છે અને ભક્તિ વગર ભગવાન નથી.

શાસ્ત્રોમાં વર્ણવેલા સદ્ગુણો એ તો પારસમણિ છે. લોખંડને જેમ એ સોનું બનાવી દે છે તેમ સદ્ગુણો માણસને માનવ બનાવી દે છે. માણસની ધીરજની, શક્તિની કસોટી દુઃખમાં થાય છે અને ધર્મ દુઃખને સુખમાં પલટાવી દેવાની ગજબની તાકાત ધરાવે છે.

રામાયણ; મહાભારત; શ્રીમદ્ ભગવદ્ગીતા, વેદો, ઉપનિષદો, વિદુરનીતિ જેવા ઘણાં ગ્રંથો ધર્મની આધારશિલા છે. તેમાં વર્ણવેલાં પ્રસંગો, કથાઓ, ઉદાહરણો, સુવાક્યો માનવજીવનમાં નોળવેલનું કામ આપે છે. ભયંકર ઝેરીલા નાગ સાથે લડતાં લડતાં જેમ નોળિયો વારેવારે નોળવેલ સુંઘી નવી શક્તિ પ્રાપ્ત કરી ચુધ્ધ જીતી જાય છે. તેમ આ સંસાર સાગરનાં દુઃખો; મુશ્કેલી; પીડાથી ધર્મની વાતો આપણું રક્ષણ કરી જીત અપાવે છે.

અધર્મનું આચરણ કરવાથી હજુ સુધી જગતમાં કોઇનું ય ભલું થયું નથી. મહાભારતમાં અધર્મી કૌરવોની શું હાલત થઇ તે તો બધા જાણે છે. રાવણની સોનાની લંકાની દશા અધર્મ આચરવાથી કેવી થઇ એનાથી કોઇ અજાણ નથી.

એક તણખો ઘાસની ગંજી બાળીને ભસ્મ કરી દે છે તેમ એક દુર્ગુણ આખું જીવન બરબાદ કરી નાખે છે. સો વરસથી જ્યાં અંધારૂં હોય છે ત્યાં માત્ર કોડિયાની જ્યોત અજવાળું પાથરી દે છે તેમ એક સદ્ગુણ બેડો પાર કરી દે છે.

એક ઊક્તિ મુક્તિ અપાવે છે. એક શબ્દ શાસ્ત્રની ગરજ સારે છે, એક વાક્ય બની માણસની જિંદગીના તારને ઝણઝણાવી મધુર ચિંતનવાળાં કેટલાંક સુવાક્યો વાચકો માટે સાદર છે જે વાંચી, વિચાર કરી આચરણમાં મૂકીએ તો પેલા પારસમણિ જેવું કામ નિઃશંક આપે છે. અખતરો કરવામાં કોઇ ખતરો નથી... અજમાવી જુઓ. સુખને એક અવસર તો આપો.

ધાર્મિક - આધ્યાત્મિક મૂલ્યો ધરાવતાં મહામૂલાં મહાવાક્યો

- ૐ - એ મૂળાક્ષર નથી, મૂળાક્ષરનો ય મૂળાક્ષર છે.
- અજ્ઞાનનો સ્વીકાર એ જ સાચું જ્ઞાન છે.
- આપણા હાથમાં આપણો હાથ પણ નથી.
- ઇશ્વરથી જે બીતો નથી, તેનાથી બીતા રહેજો.
- ઉલ્લાસમય મન એ શુકન, ખિન્ન મન એ અપશુકન.
- એકાંત પામવું એટલે શ્રીકાન્ત પામવા.
- ઓછું તો કશું જ હોતું નથી, આપણને બહુ ઓછું લાગે છે.
- અંધશ્રધ્ધા જેવો બીજો કોઇ અંધકાર નથી.
- કોઇને પણ સુખ આપવું તે ધર્મ અને દુઃખ આપવું તે અધર્મ.
- ખોટું કામ કરવાનો કોઇ સાચો રસ્તો નથી.
- 'ગીતા' એટલે આચરણનું વ્યાકરણ.
- ઘસાઇને ઉજળા થઇએ.
- ચાર નોકરો રાખે તે મોટો નથી, ચાર જણનું કામ કરી જાણે તે મોટો.
- છોડમાં રણછોડ, જય રણછોડ.
- જેવું બોલો તેવું જીવો અને જેવું જીવો તેવું બોલો.
- જ્યાં સુધી મુક્તિની ઇચ્છા છે ત્યાં સુધી બંધન છે.
- ઝાઝું પેટમાં જાય તેના કરતાં ઝાઝા મોંઢે જાય તે વધારે સારું છે.
- ટેક જો રાખવી જ હોય તો "સત્ય" ની રાખજો.
- ડરવા જેવું કંઇ પણ હોય તો "પાપ" થી ડરજો.
- તમે ધ્યાન ધરો છો તેનું પણ ધ્યાન ના રહે તેનું નામ ધ્યાન.
- થાય તે થવા દો.
- દુનિયામાં રહો પણ દુનિયાના ના રહો.
- ધર્મ હવે ધંધો થઇ ગયો છે અને ધંધામાં ધર્મ રહ્યો નથી.
- નમ્રતા બધા જ ગુણોનો ગુણાકાર છે.
- પ્રાર્થના વગરના શબ્દો વગરની પ્રાર્થના સારી.
- ફાયદાથી શું ફાયદો!
- બદલો ન લો, ખુદ ને બદલો.
- ભોગ તેટલા રોગ.
- મહત્ત્વના થવું સારું નથી, સારા થવું એ મહત્ત્વનું છે.
- યોગી થવા કરતાં ઉપયોગી થાવ.
- રોગ પાછળ પડે ત્યારે જ માણસ ઇશ્વર પાછળ પડી જાય છે.
- લોકો વાતો કરે છે આસ્તિકની જેમ, પણ જિંદગી જીવે છે નાસ્તિકની જેમ.
- વિશ્વાસ વિશ્વનો શ્વાસ છે.
- શાસ્ત્રો વિરૂધ્ધ જે જીવે છે એમનો નાશ શસ્ત્રો થકી થાય છે.
- સાધુ થવાની જરૂર નથી, સીધા થવાની જરૂર છે.

રાષ્ટ્ર માટે જરૂર પડ્યે મરી ફીટવાની ભાવના અને જરૂર પડ્યે ક્ષણ ક્ષણ જીવી જવાની ઉત્કંઠા એ જ રાષ્ટ્રના ઘટકની મુડી છે

વ્યક્તિ નહીં, રાષ્ટ્ર મહાન...

- હર્ષદ પ્ર. શાહ

આજકાલ સમાજમાં જ્યાં જુઓ ત્યાં વ્યક્તિની મહત્તા! વ્યક્તિનું માન, સન્માન, ફૂલહાર... અને એનાં જ યશોગાન! દરેક સ્તરે... સંપ્રદાય, જ્ઞાતિ, પક્ષ... બસ દરેક સ્તરે વ્યક્તિનાં ગુણગાન! એની જ ખુશામદ!

ગુણવાન વ્યક્તિ હોય અને એના ગુણોની પૂજા થાય એ સ્વાભાવિક છે. પણ એવી ગુણગાન વ્યક્તિ રાષ્ટ્રને યાદ કર્યા વિના ન રહે. એની આસપાસ લોકો ભાન ભૂલતા હોય તો એમની સાઠ ઠેકાણે લાવે... અને ખોંખારીને કહે... 'પૂજા મારી નહીં, ગુણની કરો. પૂજા મારી નહીં, રાષ્ટ્રની કરો. છેવટે તો રાષ્ટ્રને કારણે મારું અને આપણું સહુનું અસ્તિત્વ છે. રાષ્ટ્ર દેવો ભવ!'

પણ દુર્ભાગ્ય એ છે કે સમાજજીવનના વિવિધ કાર્યકલાપોમાં રાષ્ટ્ર ભુલાયું! વ્યક્તિનાં ગુણગાન ગાવામાં રાષ્ટ્રની બાદબાકી થઇ! પક્ષને જિતાડવામાં રાષ્ટ્ર એક કોર મુકાયું! જ્ઞાતિના ભેદભાવમાં રાષ્ટ્ર વિલીન થયું!

જ્યાં બધે 'રાષ્ટ્ર' કેન્દ્રમાં જોઇએ ત્યાં બધે જ રાષ્ટ્ર પરિઘની બહાર નીકળી ગયું... અને માટે જ આજે અનેક સમસ્યાઓ અને વિકૃતિઓએ આકાર ધારણ કર્યો છે.

ઇતિહાસમાં એવી અનેક ઘટનાઓ બની છે જેનો એકમાત્ર સ્વર છે... વ્યક્તિ નહીં, રાષ્ટ્ર મહાન છે.

સન ૧૮૫૮ ની વાત છે. પ્રથમ ભારતીય સ્વાતંત્ર્ય યુધ્ધ નિષ્ફળ નીવડ્યું હતું. ઝાંસીની વીરાંગના રાણી લક્ષ્મી

એવા સમયની વાત છે. દેશભક્તોના સેનાનાયક તાત્યા ટોપે ઘોડા પર સવાર થઇને ગ્વાલિયરની દક્ષિણ-પશ્ચિમ દિશામાં સરકી રહ્યા હતા. અંગ્રેજ ઘોડેસવાર સૈનિકો એમનો પીછો કરી રહ્યાં હતા. બંને વચ્ચે બહુ થોડા માઇલનું અંતર હતું.

તાત્યા નરવરના રાજા માનસિંહના મહેલના દ્વારે પહોંચ્યા. રાજા માનસિંગ દેશભક્ત હતા અને તાત્યાના પરમ મિત્ર પણ! અંગ્રેજો પણ તેમને સ્વામીભક્ત માનતા હતા. રાજાએ તાત્યાનું સ્વાગત કર્યું. તાત્યાએ કહ્યું કે અંગ્રેજ સૈનિકો એમનો પીછો કરી રહ્યા છે. પણ રાજાએ કહ્યું, 'તમે અહીં સુરક્ષિત છો. જાવ, અંદર આરામ કરો.'

થોડી જ વારમાં અંગ્રેજ ઘોડેસવારો પણ આવી પહોંચ્યા. તેમના નાયકે રાજા માનસિંહને કહ્યું, 'અમને ખબર પડી છે કે અમારો વિદ્રોહી તાત્યા ટોપે મહેલમાં છુપાયો છે. તેને અમારા હવાલે કરી દો. નહીં તો તમારું રાજ્ય ખાલસા કરવામાં આવશે. એટલું જ નહીં તમને સમગ્ર પરિવાર સહિત જેલમાં પુરી દેવામાં આવશે.'

રાજાએ કહ્યું, 'મારી નજર સામે તો કોઇ મનુષ્ય મારા મહેલમાં ગયો નથી. એવું બની શકે કે પાછળથી દ્વાર થઈ કોઇ આવી ગયું હોય... હું અંદર જઇને જોઉં છું.'

રાજા અંદર ગયા ત્યારે તાત્યાએ કહ્યું, 'મેં બધું સાંભળ્યું છે. મારે કારણે તમારા ઉપર સંકટ આવે તે ઠીક નથી. એટલા માટે હું હમણાં જ બહાર નીકળીને અંગ્રેજોને મારી જાતનો હવાલો સોંપી દઉં છું....'

પરંતુ રાજાએ તેમને રોક્યા અને કહ્યું, 'તાત્યા, એવું કદી ન બની શકે. હું તને શત્રુઓના હાથમાં અને મોતનાં મુખમાં નહીં જવા દઉં... પરિણામ ગમે તે આવે.'

બંને પોતપોતાની હઠ પર અડગ હતા. બરાબર એવા સમયે રાજદાના સ્વામીભક્ત સેવક નારાયણ ભાગવતે કહ્યું, 'આપ જો અત્યારે તાત્યાને નહીં સોંપો તો રાજય સંકટમાં પડશે. દેશ માટે તાત્યા જીવતો રહે એ પણ જરૂરી છે. માટે ન સોંપવો જોઈએ. આ સમસ્યાઓ મારી પાસે એક ઉપાય છે, જેનાથી તાત્યા સુરક્ષિત પણ રહેશે અને મહારાજ... આપની ઉપર પણ કોઇ સંકટ નહીં આવે!'

રાજાએ આશ્ચર્યથી પૂછ્યું, 'એવો તે વળી શું ઉપાય છે?'

નારાયણ બોલ્યો, 'આપ બરાબર ધ્યાનથી જુઓ. મારો ચહેરો તાત્યાના ચહેરા સાથે એકદમ મળતો આવે છે. મને તાત્યાનાં કપડાં પહેરાવી દો... અને અંગ્રેજોના હવાલે કરી દો.'

તાત્યાએ આ સૂચનનો વિરોધ કર્યો. પરંતુ રાજા અને નારાયણના અતિ આગ્રહ પછી એણે એ વાત સ્વીકારી. નારાયણને તાત્યાનાં કપડાં પહેરાવવામાં આવ્યાં. રાજા માનસિંહે તેને અંગ્રેજોને સોંપતાં કહ્યું, 'આ રહ્યો તમારો વિદ્રોહી તાત્યા... મારા મહેલમાં દરવાજાથી ઘૂસી ગયો હતો.'

આ જોઇ અંગ્રેજો પ્રસન્ન થઇ ગયા. થોડા દિવસ પછી ખબર પડી કે અંગ્રેજ સરકારે તાત્યા પર મુકદ્દમો ચલાવ્યો અને એને ફાંસીએ લટકાવી દીધો!

નારાયણે દેશ તથા સ્વામીના હિતમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા...

જન, ભૂમિ અને સંસ્કૃતિ મળીને રાષ્ટ્ર બને છે. વ્યક્તિ-વ્યક્તિ મળીને બનતો જનસમાજ જે ભૂમિ પર વસે છે તેમાં સંસ્કૃતિની સોડમ ભળતાં તે રાષ્ટ્ર બને છે.

રાષ્ટ્ર વિરાટ સાગર છે, વ્યક્તિ એક બુંદ.

રાષ્ટ્ર પ્રકાશનો પુંજ છે, વ્યક્તિ એક કિરણ.

રાષ્ટ્રની સંસ્કૃતિને સંસ્કારશ્રમ કૃતિના રૂપમાં ઢાળવાનું કામ વ્યક્તિ કરે છે. રાષ્ટ્રની અસ્મિતાનો અંશ રાષ્ટ્રના પ્રત્યેક વ્યક્તિમાં હોય તે અનિવાર્ય છે. રાષ્ટ્રના ઉત્કર્ષની એ પૂર્વશરત છે. રાષ્ટ્ર માટે પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં સમર્પણનો દિવ્ય ભાવ જોગ તેમાં જ રાષ્ટ્રનું હિત છે.

દેશકે હિત હમ જિયેંગે, દેશહિત મર જાયેંગે.

દેશ કે જો કામ આયે, વહ જીવનકી શાન હૈ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૦મી જૂન

- **આદર્શ નટ, આદર્શ સૂત્રધાર દિગ્દર્શક, રંગભૂમિના નવોત્થાનના યુગાવતાર 'શિશિરકુમાર ભાદુડી'ની પુણ્યતિથિ.**

આ જીવન રંગભૂમિને વળગી રહેનારા વસંતલીલા આલ્ફ્રેડ થિયોટ્રિકલ કંપનીના સ્થાપક ઔરંગઝેબ અને જીવાનંદ (પાડોશી નાટક) ની ભૂમિકા ભજવનાર આજીવન રંગભૂમિને વળગી રહ્યા.

પદ્મ વિભૂષણનો ખિતાબ તેમણએ નકારી કાઢેલો. રવિન્દ્રનાથ ટાગોર પણ તેઓનાં પ્રશંસક હતા.

- **૧૯૧૭માં 'દાદાભાઇ નવરોજી'નું અવસાન.**
- **૧૯૪૫ની ૩૦મી જૂન - તાજમહાલનું બાંધકામ પૂર્ણ થયું તથા મોગલ બાદશાહ જહાંગીર અને નૂરજહાંના લગ્ન થયાં - ૧૯૧૧ ની ૩૦મી જૂને.**
- **ઢેબ્રી ફોર્ડ - મોટેરોનો રાજા. ઉદ્યોગપતિનો જન્મ - ૧૮૬૩.**
- **૧૩૪૨ મી ૩૦મી જૂન - ગુજરાતના પ્રથમ સુલતાન મુઝફ્ફર શાહ - પહેલાનો જન્મદિન.**
- **૩૦ મી જૂન - વિશ્વ સ્વસૂર દિન.**

ફાઇર્સ ઇન લો - ડે તરીકે પશ્ચિમના દેશોમાં ઉજવાય છે. સામાન્ય રીતે સમજુ સસરા પુત્રવધૂને પુત્રી સમાન ગણીને લાગણી - પ્રેમ - સંપત્તિ આપતાં હોય છે. જો કે, કેટલીક વાર જમાઇ - સસરાને ખોટી રીતે રજૂ કરતાં હોય છે.